# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-10-2025** **Evening : 7.50 to 8.00 PM**

**Day : Wednesday** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

1) **બિહાર વિધાનસભા ચૂંટણીના અંતિમ તબક્કામાં , આવતીકાલે ૧૨૨ મતવિસ્તારો માટે ઉમેદવારીપત્રો પાછા ખેંચવાનો છેલ્લો દિવસ.**

2) **કેન્દ્રીય ગૃહ મંત્રાલયની ઉચ્ચસ્તરીય સમિતિ એ નવી દિલ્હીમાં વિવિધ મુદ્દાઓ પર લદ્દાખના નેતાઓ સાથે વાતચીત કરી.**

3) દેશની નવીનીકરણીય ઉર્જા ક્ષમતામાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી જે પાંચ ગણી વધીને 197 ગીગાવોટથી વધુ થઈ.

4) સર્વોચ્ચ અદાલતે પ્રજ્ઞાચક્ષુઓને ન્યાયિક સેવાઓમાં રોજગારની તકો પૂરી પાડવાના પોતાના આદેશનો અમલ કરવા ચાર મહિનાનો સમય આપ્યો.

5) ભાલા ફેંક માં બે વખતના ઓલિમ્પિક પદક વિજેતા નીરજ ચોપરાને પ્રાદેશિક સૈન્યમાં લેફ્ટનન્ટ કર્નલનું માનદ પદ એનાયત કરાયું

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## BIHAR WITHDRAWAL

બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કામાં , આવતીકાલે ૧૨૨ મતવિસ્તારો માટે ઉમેદવારીપત્રો પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે. ૨૦ જિલ્લાઓમાં ફેલાયેલા ૧૨૨ વિધાનસભા મતવિસ્તારોમાં ૧૧ નવેમ્બરે મતદાન યોજાશે.

દરમિયાન, કૈમુર જિલ્લાના મોહનિયા (અનામત) મતવિસ્તારમાં, રાષ્ટ્રીય જનતા દળ ( RJD) ઉમેદવાર શ્વેતા સુમનનું નામાંકન પત્ર આજે તેમના અનુસૂચિત જાતિ પ્રમાણપત્રને અમાન્ય જાહેર કરવામાં આવ્યા બાદ રદ કરવામાં આવ્યું હતું.
પશ્ચિમ ચંપારણ જિલ્લાના વાલ્મીકીનગર વિધાનસભા મતવિસ્તારમાં , જન સૂરજ પાર્ટીના ઉમેદવાર દૃગ નારાયણ પ્રસાદનું નામાંકન પત્ર પણ રદ કરવામાં આવ્યું હતું. કારણ કે તેમણે ઉમેદવારીપત્ર ભરતા પહેલા તેમના સરકારી શિક્ષક પદ પરથી રાજીનામું આપ્યું ન હતું. બીજા તબક્કામાં આ બંને મતવિસ્તારોમાં મતદાન યોજાશે.

## Ladakh talks

કેન્દ્રીય ગૃહ મંત્રાલયની ઉચ્ચસ્તરીય સમિતિ નવી દિલ્હીમાં વિવિધ મુદ્દાઓ પર લદ્દાખના નેતાઓ સાથે વાતચીત કરી છે. ગયા મહિને કેન્દ્રશાસિત પ્રદેશમાં થયેલી હિંસા પછી મુખ્ય મુદ્દાઓ પર આ પ્રથમ ઔપચારિક વાતચીત છે. ગૃહ મંત્રાલયની લદ્દાખ પરની ઉચ્ચસ્તરીય સમિતિ દ્વારા સર્વોચ્ચ સંસ્થા લેહ , એબીએલ અને કારગિલ ડેમોક્રેટિક એલાયન્સ - KDA સાથે એક સંવાદ પદ્ધતિ સ્થાપિત કરવામાં આવી છે.
બેઠક પછી, કારગિલ ડેમોક્રેટિક એલાયન્સના સભ્ય સજ્જાદ હુસૈને કહ્યું કે તેઓ છેલ્લા છ વર્ષથી લદ્દાખમાં લોકશાહીની માંગ કરી રહ્યા છે , અને તેનો ઉકેલ રાજ્યના દરજ્જામાં રહેલો છે. તેમણે કહ્યું કે આ મુદ્દો એક કે બે બેઠકોમાં ઉકેલી શકાતો નથી અને આ પ્રક્રિયા સતત ચાલુ રહેશે.

# Chief Minister New Year

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે નવા વર્ષની શરૂઆત ગાંધીનગરના પંચદેવ મંદિર થી કરી. પંચદેવ મંદિરમાં ભગવાનને પૂજા અર્ચના અને આરતી કરી . મુખ્યમંત્રીએ રાજભવનમાં રાજયપાલ આચાર્ય દેવવ્રતની મુલાકાત લઇને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના સૌ નાગરિકોને વિક્રમ સંવત ૨૦૮૨ના પ્રારંભે નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.

મુખ્યમંત્રીએ નૂતનવર્ષના પ્રારંભે અમદાવાદના ભદ્રકાળી માતાજીનાં દર્શન-પૂજન કરી, રાજ્યના નાગરિકોનાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

ત્યાર બાદ મુખ્યમંત્રીશ્રીએ એનેક્ષી સરકીટ હાઉસ, શાહીબાગ ખાતે શહેરના શ્રેષ્ઠીઓ અને સામાન્ય નગરજનોને મળીને નવા વર્ષની શુભેચ્છાઓનું આદાન-પ્રદાન કર્યું હતું.

આ અવસરે ભાજપ પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશ વિશ્વકર્મા, સહીત સ્થાનિક ધારાસભ્યો, આગેવાનો અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## INDIA - RENEWABLE ENERGY

દેશની નવીનીકરણીય ઉર્જા ક્ષમતામાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. તે 2014માં 35 ગીગાવોટથી પાંચ ગણી વધીને 197 ગીગાવોટથી વધુ થઈ છે. આમાં મોટા જળવિદ્યુત મથકોમાંથી ઉત્પન્ન થતી વીજળીનો સમાવેશ થાય છે.

નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલયે જણાવ્યું હતું કે સરકારે 2030 સુધીમાં 500 ગીગાવોટ બિન-અશ્મિભૂત ઉર્જાનો મહત્વાકાંક્ષી લક્ષ્યાંક છે. ભારતનો નવીનીકરણીય ઉર્જા વિકાસ દર વિશ્વમાં સૌથી ઝડપી છે.

કેન્દ્રીય નવીનીકરણીય ઉર્જા અમલીકરણ એજન્સીઓએ 5.6 ગીગાવોટ જ્યારે રાજ્ય એજન્સીઓએ આ વર્ષે 3.5 મેગાવોટ વીજળી ખરીદવા માટે ટેન્ડર મંગાવ્યા છે.

વાણિજ્યિક અને ઔદ્યોગિક ગ્રાહકો આ વર્ષે આશરે 6 ગીગાવોટ નવીનીકરણીય ઉર્જા ક્ષમતા ઉમેરે તેવી શક્યતા છે.

## UGANDA- ACCIDENT KILLED

યુગાન્ડામાં કમ્પાલા-ગુલુ હાઇવે પર આજે થયેલા એક માર્ગઅકસ્માતમાં 63 લોકોના મોત થયા છે.

યુગાન્ડા પોલીસના જણાવ્યા અનુસાર , એક ટ્રક અને કારને ઓવરટેક કરતી વખતે બે બસો સામસામે અથડાઈ હતી, જેના કારણે અનેક વાહનો પલટી ગયા હતા. ઘણા લોકો ઇજાગ્રસ્ત થયા હતા અને તેમને કિરિયાન્ડોંગોની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

## UTTARAKHAND GANGOTRI TEMPLE

ઉત્તરાખંડમાં અન્નકૂટ ઉત્સવ નિમિત્તે આજે ઉત્તરકાશી જિલ્લામાં આવેલા ગંગોત્રી ધામના દરવાજા પરંપરાગત રીતે બંધ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તો હાજર રહ્યા હતા.

## President sabarimala darsan

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે કેરળના સબરીમાલા મંદિરમાં પૂજા અર્ચના કરી.

રાષ્ટ્રપતિ કેરળની ચાર દિવસની મુલાકાતે તિરુવનંતપુરમથી પઠાણમથિટ્ટા પહોંચ્યા. તેઓ પહાડી મંદિર પમ્પા જવા માટે રવાના થયા હતા. આ અગાઉ વહેલી સવારે કેરળના મંત્રી વી.એન.વસાવન અને અન્ય વરિષ્ઠ અધિકારીઓએ રાષ્ટ્રપતિનું સ્વાગત કર્યું.

રાષ્ટ્રપતિ મુર્મુએ આજે પમ્પા ગણપતિ મંદિરની મુલાકાત લીધી અને સબરીમાલા મંદિર જતા પહેલા ઇરુમુદી બાંધવા સહિત પરંપરાગત વિધિઓ કરી. રાષ્ટ્રપતિ આ ઐતિહાસિક મુલાકાત માટે ખાસ વાહનમાં સબરીમાલા મંદિર પહોંચ્યા હતા.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

## INDIA - CHAD

સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહે આજે નવી દિલ્હીમાં મધ્ય આફ્રિકન દેશ ચાડનાના ભારત સ્થિત રાજદૂત ઇલ્જીમા બદ્દા સાથે મુલાકાત કરી. આ બેઠકમાં લશ્કરી તાલીમ, ક્ષમતા નિર્માણ, સંરક્ષણ સાધનોનો પુરવઠો અને આતંકવાદ વિરોધી પ્રયાસો જેવા ક્ષેત્રોમાં સહયોગને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

## NHRC Kerala

વિવિધ સ્થળો પર પત્રકારો ઉપર થયેલા હુમલાઓના સંદર્ભમાં રાષ્ટ્રીય માનવાધિકાર પંચે કેરળ, મણિપુર અને ત્રિપુરાના મુખ્ય સચિવોને નોટિસ ફટકારી છે. પંચે બે અઠવાડિયામાં આ ઘટના અંગેનો અહેવાલ માંગ્યો છે. આ રાજ્યોમાં ત્રણ કેસોમાં, પીડિતોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, અને પોલીસે આ અંગે ગુનો નોધી કેસ દાખલ કર્યો છે. મીડિયા અહેવાલોની સ્વતઃ નોંધ લેતા , પંચે આ રાજ્યોના પોલીસ મહાનિર્દેશકો પાસેથી તપાસની વર્તમાન સ્થિતિ અંગે અહેવાલો માંગ્યા છે. ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે પગલાં લેવા માટે પણ પોલીસ મહાનિર્દેશકોને નિર્દેશ આપવામાં આવ્યા છે.

## SC EMPLOYMENT

**સર્વોચ્ચ અદાલતે પ્રજ્ઞાચક્ષુઓને ન્યાયિક સેવાઓમાં રોજગારની તકો પૂરી પાડવાના પોતાના આદેશનો અમલ કરવા ચાર મહિનાનો સમય આપ્યો. જેમાં કહેવામાં આવ્યું હતું કે પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓને ન્યાયિક સેવાઓમાં રોજગાર આપવાની તકને નકારી શકશે નહીં.**

**ન્યાયાધીશ જેબી પારડીવાલા અને કે.વી. વિશ્વનાથનની બેન્ચે મધ્યપ્રદેશ વડી અદાલત તરફથી હાજર રહેલા વકીલની રજૂઆતની નોંધ લીધી , રાજ્ય સરકાર સાથે પરામર્શ કરીને નિયમોને અંતિમ સ્વરૂપ આપવાની પ્રક્રિયામાં છે તથા ચુકાદાનું પાલન કરવાની જાણ માટે ચાર મહિનાનો સમય આપ્યો છે. આ વર્ષે માર્ચ મહિનામાં એક મહત્વપૂર્ણ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે મધ્યપ્રદેશ ન્યાયિક સેવા નિયમોની જોગવાઈઓને રદ કરી દીધી હતી જેમાં પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓને ન્યાયિક સેવાઓમાંથી બાકાત રાખવામાં આવ્યા હતા.**

## REV-RUSSIA- UKRAINE ATTACK

યુક્રેનિયન શહેરો પર રશિયન ડ્રોન અને મિસાઇલ હુમલામાં બે બાળકો સહિત છ લોકોના મોત થયા, એકવીસ ઇજાગ્રસ્ત થયા છે.

યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ જણાવ્યું હતું કે રશિયન હુમલાઓએ યુક્રેનમાં **ઊર્જા પ્લાન્ટને** નિશાન બનાવ્યા હતા , જેમાં છ લોકોના મોત થયા હતા. યુક્રેનિયન અધિકારીઓએ જણાવ્યું હતું કે મિસાઇલો અને ડ્રોને માળખાગત સુવિધાઓ અને રહેણાંક વિસ્તારો બંનેને નિશાન બનાવ્યા હતા.

## EVE. NEERAJ PROMOTION with V/C

બે વખતના ઓલિમ્પિક પદક વિજેતા ભાલા ફેંકનાર નીરજ ચોપરાને પ્રાદેશિક સૈન્યમાં લેફ્ટનન્ટ કર્નલનું માનદ પદ એનાયત કરવામાં આવ્યું છે. આજે નવી દિલ્હીમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીની હાજરીમાં આયોજિત સમારોહમાં નીરજ ચોપરાને આ પદ એનાયત કરવામાં આવ્યું

હતું. તેમના ગણવેશ પર લેફ્ટનન્ટ કર્નલનું ચિહ્ન લગાવીને તેમને સત્તાવાર રીતે બઢતી આપવામાં આવી હતી.

(બાઇટ-વોઇસકાસ્ટ)

સંરક્ષણ મંત્રીએ લેફ્ટનન્ટ કર્નલ નીરજ ચોપરા અને તેમના પરિવારના સભ્યો સાથે વાતચીત કરી. સંરક્ષણ મંત્રીએ કહ્યું કે , લેફ્ટનન્ટ કર્નલ નીરજ ચોપરા શિસ્ત , સમર્પણ અને રાષ્ટ્રીય ગૌરવના સર્વોચ્ચ આદર્શોનું પ્રતિક છે અને રમતગમત અને સશસ્ત્ર દળોમાં પેઢીઓ માટે પ્રેરણાનો સ્રોત છે.

## GOYAL- VISIT TO GERMANY

**વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ આર્થિક અને વેપાર ભાગીદારીને મજબૂત બનાવવા આવતીકાલથી જર્મનીની સત્તાવાર મુલાકાતે જશે. આ મુલાકાત ભારત અને જર્મની વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ સાબિત થશે , 2025 માં ભારત-જર્મની વ્યૂહાત્મક ભાગીદારીની 25મી વર્ષગાંઠ ઉજવી રહ્યું છે. આ મુલાકાત દરમિયાન જર્મન આર્થિક બાબતો ના મંત્રી અને ઉર્જા મંત્રી કેથેરીના રીચે સાથે ઉચ્ચસ્તરીય દ્વિપક્ષીય બેઠકો કરશે.**

**શ્રી ગોયલ બર્લિન ગ્લોબલ ડાયલોગના ત્રીજા સંસ્કરણમાં વક્તા તરીકે પણ ભાગ લેશે.**